**નિયામક, સમાજ સુરક્ષા ખાતુ**
બ્લોક નં. ૧૬, ગ્રાઉન્ડ ફ્લોર,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
ગુજરાત રાજ્ય.
ફોન નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૯
ફેક્સ નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૮
ઈ –મેઈલ : dir-sd@gujarat.gov.in

---

નં.અપગ/૧૧-માસ કરાર/૧૮-૧૯/ ૯૬૬૩ તા. ૯ /૦૨/૨૦૧૯

<u>પરિપત્ર</u>

વિષય: ૧૧ માસ કરાર આધારિત નિમણૂક અંગે

ઉપરોક્ત વિષય અનુસંધાને જણાવવાનું કે, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૧૮/૮૩૯૫૧/છ-૧,તા.૨૧/૮/૨૦૧૮ના ઠરાવ મુજબ ૧૧ માસ કરાર આધારે ભરાયેલ જગ્યાઓના વેતનમાં સુધારો કરેલ છે.

સદરહુ ઠરાવમાં જણાવ્યા મુજબ જે જગ્યાઓ અત્રેથી મંજુર થયેલ છે અને જે જગ્યાઓ ખાલી છે તેવી જગ્યાઓને વિભાગની મંજુરી મળ્યા બાદ જ ૧૧ માસ કરાર આધારિત ભરવાની અત્રેથી મંજુરી આપવાની રહે છે.

૧૧ માસ કરાર આધારિત જે જગ્યાઓ ભરાયેલ છે તે જગ્યાઓ પરના કર્મચારીઓ ૧૧ માસનો કરાર પૂર્ણ થતાં છુટા કરવાના રહેશે.

સદરહુ કર્મચારીઓને અઠવાડિયાનો બ્રેક આપીને નવેસરથી કરાર કરવામાં આવે તો અત્રેથી સામેલ રાખેલ નિયત નમુનાના ફોર્મ તેમજ બાંહેધરી પત્રક મુજબ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની સાક્ષીમાં જ કરાર કરવાના રહેશે. જેમાં કોઇ સુધારાવધારો કરવાનો રહેશે નહીં. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની સમક્ષ જે બાંહેધરીપત્રક સહી ન થાય તેનો કરાર પણ રદ ગણવાનો રહેશે.

બિડાણ: ઉપર મુજબ

નિયામક
સમાજ સુરક્ષા ખાતું,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,

(૧) માનદ્‌મંત્રીશ્રી, વિકલાંગ કલ્યાણક્ષેત્રે કાર્યરત સહાયક અનુદાન મેળવતી સર્વે સ્વૈચ્છિક સંસ્થાઓ,
(૨) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી

-: બાં હે ધ રી :-

આથી હું નીચે સહી કરનાર શ્રી ..........................................................................................

રહેવાસી .........................................................................................................................................

જણાવુ છું કે, ૧૧ માસના કરાર આધારે ફીકસ માનદવેતનથી નિમણુંક અંગેની સેવાની શરતો અને બોલીઓ મેં વંચાણે લીધેલ છે અને આ શરતો અને બોલીઓ મને સંપૂર્ણપણે કબુલ/ મંજુર છે તથા આ શરતો અને બોલીઓની નકલ પણ મને આપવામાં આવેલ છે. આ શરતો અને બોલીઓ મુજબ નિમણુંક મેળવવા તથા ................................................... તરીકે ફરજો/ જવાબદારી બજાવવા હું સંમત છું. મારી કરાર આધારે ફીકસ માનદવેતનથી ............................ તરીકેની નિમણુંકના સમયગાળા દરમ્યાન સરકારી કર્મચારીને મળવાપાત્ર હોય તેવા કોઇ લાભો મળવાપાત્ર થશે નહીં. તે સાથે હું સમંત છું અને કરાર આધારે ફીકસ માનદવેતનથી .......................... તરીકેની નિમણુંકના સમયગાળા દરમ્યાન સરકારી કર્મચારીને મળવાપાત્ર હોય તેવા કોઇ લાભોની હું માંગણી કરીશ નહીં.

ઉપરોકત બાંહેધરી હું કોઇપણ જાતના દાબ-દબાણ વિના અને સંપૂર્ણ સભાન અવસ્થામાં શુધ્ધ બુધ્ધિથી કરુ છું અને તે મને કબુલ/ મંજૂર છે અને તે બદલ આજ રોજ હું નીચે સહી કરી નિમણુંક સત્તાને સુપ્રત કરૂં છું.

સ્થળઃ ........................................................

તારીખઃ નિમણુંક મેળવનાર ઉમેદવારની સહી

.........................................................

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની સહી

કરાર આધારિત બોલીઓ અને શરતો.

(૧) શ્રી ...................................................... ને માનદ સેવાના સમયગાળા દરમ્યાન રૂ. .................. માસિક વેતન મળશે.

(૨) ઉભય પક્ષે એક માસની નોટીસ અથવા એક માસનો ફીકસ માનદ વેતન સાથેનો નોટીસ પગાર આપીને કરારનો અંત લાવી શકશે.

(3) નિયત ફીકસ વેતન પર કોઇપણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહીં.

(૪) માનદ સેવાના સમયગાળાના દરમ્યાન શ્રી .............................. ફીકસ માનદ વેતનમાં કોઇપણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહીં. મોંધવારી ભથ્થુ, વચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો કે સેવા વિષયક કે અન્ય કોઇ લાભો મળવાપાત્ર થશે નહીં.

(૫) કરારના સમયગાળા દરમ્યાન મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે નહીં.

(૬) કરારના સમયગાળા દરમ્યાન બજાવેલ સેવા નોકરી પેન્શન, બોનસ, એલ.ટી.સી., લીવ એન્કેશમેન્ટ, પેશગી કે તેવા અન્ય કોઇ નાણાંકીય લાભો સરકારશ્રી પાસેથી મેળવવાને પાત્ર ગણાશે નહીં.

(૭) કરારના સમયગાળા દરમ્યાન કર્મચારીનું અવસાન થાયતો તેમને બજાવેલી ફરજના માનદ વેતનની લેણી રકમ કર્મચારીના કુટુંબીજનોને મળવાપાત્ર થશે પરંતુ બીજા લાભ એકસગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુસંગિક લાભ મળવાપાત્ર થશે નહીં.

(૮) શ્રી ................................................ ને સમાન સંવર્ગના અધિકારીએ જે ફરજો બજાવવાની થતી હોઇ, તેવી ફરજો બજાવવાની રહેશે.તે માટે કચેરીમાં ફરજ પાલનનું જે સમય નિયત કરેલ હોય, તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે.તેમજ પ્રાઇવેટ પ્રેકટીસ કે અન્યત્ર પાર્ટ ટાઇમ નોકરી કરી શકાશે નહીં. જાહેર રજાના દિવસોએ પણ કામગીરીની જરુરીયાતની અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃતિમાં ભાગ લઇ શકાશે નહીં.

(૯) શ્રી ................................................ ને માનદ સેવાના સમય દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૧ પરચુરણ રજાઓ મળવાપાત્ર થશે. અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહીં. તે સિવાયની રજા ભોગવશે તો તે રજાના દિવસનું વેતન કપાત કરી લેવામાં આવશે. મહિલા કર્મચારીઓને રજાના નિયમો મુજબ પ્રસુતિની રજાઓ મળવાપાત્ર થશે.

(૧૦) શ્રી .............................................. એ કાર્યમથક પર રહેઠાણે ફરજીયાત રહેવાનું રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહીં.

(૧૧) ફરજના ભાગરુપે મુખ્ય મથકથી ૮ કી.મી. બહાર જવાનું થાય તો ૬ કલાકથી વધુ અને ૧૨ કલાક સુધીના રોકાણ માટે રૂ.૧૫/- અને ૧૨ કલાકથી વધુ સમય માટે રૂ.30/- દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે.તેમજ મુસાફરી ભાડા પેટે એસ.ટી. બસ/ રેલ્વેનું બીજા વર્ગનું ભાડુ મળવાપાત્ર થશે.

(૧૨) માનદ સેવાના સમયગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઇપણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઇ પણ સમયે નોકરી સમાપ્ત કરવામાં આવશે.

(૧૩) સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરૂરી શરતો નકકી થાય તો પણ બંધનકર્તા રહેશે.

(૧૪) વ્યવસાય વેરાની કપાત નિયમોનુસાર માનદ વેતનમાંથી કરી લેવાની રહેશે.

(૧૫) નિમણુંકના સમય દરમ્યાન તેમણે બજાવેલ માનદ સેવાની બાબત અંગે કોઇપણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ રાજય સરકારની કોઇ જવાબદારી રહેશે નહીં.

(૧૬) માનદ વેતનથી નિમણુંક પામેલ વ્યકિતને સરકારી મહેકમ પર સમાવિષ્ટ થવા માટેનો કોઇ હકક પ્રાપ્ત થશે નહીં.

(૧૭) ઉપરોકત શરતો નિમણુંક પામનાર વ્યકિતને સ્વીકાર્ય છે તે અંગેનું સંમતિપત્રક મેળવવાનું રહેશે.

(૧૮) આ ભરતી જે તે સંવર્ગના ભરતી નિયમોનુસાર યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરવાની રહેશે

(૧૯) માનદ સેવાની ફરજ પર જોડાતા પહેલા શારીરિક યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૨૦) માનદ વેતનથી જોડાનાર વ્યકિતએ કરાર કરવાનું સ્વીકારતા તેમની સેવા લેનાર સત્તાધિકારીને યોગ્ય લાગે તો પર્સનલ એકસીડેન્ટ યોજના અંતર્ગત વીમો મેળવી લેવાનો, અધતન કરાવવાનો તથા તેનો આધાર કચેરીમાં રજુ કરવાનું રહેશે. આ અંગે વીમા પ્રિમિયમ નો ખર્ચ કચેરી ધ્વારા ભોગવવામાં આવશે નહીં.

(૨૧) સંસ્થાના કર્મચારીઓને રાજય સરકારશ્રીની હાલની નીતિ પ્રમાણેના સેવા વિષયક કે નાણાં વિષયક કોઇપણ લાભ મળવાપાત્ર થશે નહીં, તેમજ સરકારી કર્મચારી ગણાશે નહીં.

(૨૨) સંસ્થામાં નિમણુંક પામેલ કર્મચારીઓને આ ખાતા હેઠળના અન્ય કર્મચારીઓને મળતા લાભો મળવાપાત્ર રહેશે નહીં.તે મતલબનો બાંહેધરી પત્રકમાં કર્મચારી પાસેથી સંમતિ મેળવીને રેકર્ડ પર રાખવાનું રહેશે

(૨૩) ઉપરોકત વર્ગ-3 ની જગ્યાઓ હોઇ બહોળી પ્રસિધ્ધિ કરાવતા દૈનિક પેપરમાં જાહેરાત આપી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની હાજરીમાં ઇન્ટરવ્યુ લઇ ભરવાની રહેશે

સ્થળઃ ..............................................................

તારીખઃ નિમણુંક મેળવનાર ઉમેદવારની સહી

..........................................................................

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની સહી

પરિપત્ર

નિયામક, સમાજ સુરક્ષા ખાતુ
બ્લોક નં. ૧૬, ગ્રાઉન્ડ ફ્લોર,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
ગુજરાત રાજ્ય.
ફોન નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૯
ઈ –મેઈલ : dir-sd@gujarat. gov.in

નં.અપગ/તાલીમ/૧૮-૧૯/ ૧૭૬૩ તા.૦૫/૦૨/૨૦૧૯

વિષય: ખાતા હસ્તકની સ્વૈ.સંસ્થાઓમાં ફરજ બજાવતા વિશિષ્ટ શિક્ષકો માટે ભારતીય પુનર્વસન પરિષદ, નવી દિલ્હી (Rehabilitation Council of India) દ્વારા આયોજિત C.R.E. (Continuing Rehabilitation Education) તાલીમ કાર્યક્રમમાં જવા બાબત

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે વિકલાંગ કલ્યાણક્ષેત્રે કાર્યરત ૧૦૦% ગ્રાન્ટ મેળવતી સ્વૈ.સંસ્થાઓના માનદ્‌મંત્રીશ્રીઓને જણાવવાનું કે, વિશિષ્ટ શિક્ષકો માટે ભારતીય પુનર્વસન પરિષદ, નવી દિલ્હી (Rehabilitation Council of India) દ્વારા C.R.E. (Continuing Rehabilitation Education) National/ International Conference, Workshop & Seminar વિગેરે જેવા યોજવામાં આવતા કાર્યક્રમમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટેની જરૂરિયાતને અનુલક્ષીને વ્યવસાયિક તાલીમ યોજવામાં આવતી હોય છે જેમાં ખાતા હસ્તકની સ્વૈ.સંસ્થાઓના ભાગ લેનાર વિશિષ્ટ શિક્ષકો માટે ઇન સર્વિસ ટ્રેનિંગ પ્રોગ્રામને ઓફિસ ડ્યુટી તરીકે ગણવાના રહેશે.

ખાતા હસ્તકની સ્વૈ.સંસ્થાઓમાં ફરજ બજાવતા વિશિષ્ટ શિક્ષકોએ દિવ્યાંગ વિદ્યાર્થીઓના શાળાકીય સમય પત્રકને અનુલક્ષીને શૈક્ષણિક કાર્ય બગડે નહી તે રીતે સંસ્થાના પ્રમુખશ્રી/મંત્રીશ્રી/આચાર્યશ્રીની પૂર્વ મંજુરી મેળવીને C.R.E. પ્રોગ્રામમાં તાલીમમાં જોડાવાનું રહેશે. C.R.E. પ્રોગ્રામની તાલીમમાં હાજર રહેલ તાલીમાર્થીએ પોતે હાજર રહ્યાનું પ્રમાણપત્ર સહિતની વિગત સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને તથા સંસ્થાનાં પ્રમુખશ્રી/મંત્રીશ્રી/આચાર્યશ્રી કક્ષાએ આપવાનું રહેશે. કર્મચારીએ લીધેલ તાલીમ કાર્યક્રમની કર્મચારીની સર્વિસબુકમાં નોંધ કરવાની રહેશે.

આ અગાઉ સંબંધિત બાબતે કરેલ પત્ર નં. અપગ/૧૮-૧૯/૯૫૬, તા.૩૧/૦૧/૨૦૧૯ રદ કરવામાં આવે છે જેની સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓએ નોંધ લેવી.

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતું,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ રવાના:

(૧) વિકલાંગ કલ્યાણક્ષેત્રે કાર્યરત ગ્રાન્ટ મેળવતી સર્વે સ્વૈચ્છિક સંસ્થાઓના માનદ્‌મંત્રીશ્રીઓને પરિપત્રનો અમલ કરવા અર્થે,

(૨) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને જાણ અર્થે

(૩) સેક્રેટરી, શ્રી વિકલાંગ સંસ્થા કર્મચારી વેલ્ફેર ટ્રસ્ટ, સુરેન્દ્રનગરના પત્ર નં.૧૪૫/૧૯, તા.૦૯/૦૧/૨૦૧૯ના અનુસંધાને જાણ અર્થે

(૪) કો-ઑર્ડિનેટર, સોસાયટી ફોર ધી વેલ્ફેર ઓફ ધી મેન્ટલી રીટાર્ડેડના તા.૩૦/૧૧/૧૮ના પત્ર અનુસંધાને જાણ અર્થે